R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 23 • PAGES : 44 • MUMBAI • DATE : 5TH OCTOBER 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD Fire Protect Limited**
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries
Trusted by 2K+ clients
Global Certifications




www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# આવો, હવે આપણે સૌ વધુ નજીકથી જોડાઈએ
# KDO KONNEKT પ્રકાશ સમીક્ષા-વિડીયો ન્યુઝ

- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150



મને ખૂબ જ આનંદ અને ગૌરવ સાથે આપ સૌ સાથે આ વાત શેર કરતાં આનંદ થાય છે કે પૂજ્ય ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સાહેબજીના આશીર્વાદથી, તા. ૨૭ સપ્ટેમ્બરથી પ્રકાશ સમીક્ષાની વિડીયો ન્યુઝ પ્રકાશ સમીક્ષાના નામે શરૂ થઈ છે.

વિડીયો ન્યુઝને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૩ ઓક્ટોબરની સાંજ સુધીમાં ૨,૯૩૮ લોકોએ વીડિયો જોયો છે અને ૨૦૭ લાઈક્સ મળી છે. આપ સૌએ પ્રકાશ સમીક્ષા પર જે પ્રેમ અને લાગણી વરસાવી છે, તે બદલ હું હૃદયપૂર્વક આપ સૌનો આભાર માનું છું.

મારી આપ સૌને નમ્ર વિનંતી છે કે 'KDO KONNEKT' પ્રકાશ સમીક્ષાની લિંક તમારા પરિવારના તમામ સભ્યો સુધી ખાસ કરીને યુવા પેઢી સુધી, પહોંચાડશો. યુવાનોને આ વિડીયો ન્યુઝ નિહાળવા સાથે તેમનો અભિપ્રાય પણ મોકલવા પ્રોત્સાહિત કરશો. આપના સૂચનો અને પ્રતિભાવો kdokonnect@gmail.com પર મોકલી શકો છો.

હવે દર મહિને ૧૨મી અને ૨૭મી તારીખે 'KDO KONNEKT' પ્રકાશ સમીક્ષાની નવી ડિજિટલ આવૃત્તિ રજૂ કરવામાં આવશે. જ્યારે પ્રકાશ સમીક્ષાની પ્રિન્ટ આવૃત્તિ અગાઉની જેમ દર મહિને ૫મી અને ૨૦મી તારીખે નિયમિતપણે પ્રકાશિત થશે. આમ, હવે આપણે દર અઠવાડિયે વધુ નજીકથી એકબીજા સાથે જોડાઈ શકીશું.

**તમારા શહેરની પ્રવૃત્તિઓની માહિતી મોકલો**

આપ સૌને ખાસ વિનંતી છે કે આપના શહેરમાં યોજાતા વિવિધ કેડીઓ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને અન્ય કાર્યક્રમોના વિડિયો ક્લિપ્સ અમને મોકલશો, જેથી સમગ્ર સમાજ સુધી તેની માહિતી પહોંચી શકે.

તે જ રીતે, આપણા યુવાનોની વ્યવસાય, વ્યવસાયિક ક્ષેત્ર, રમતગમત, કલા, શિક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં થયેલી સિદ્ધિઓ પણ પ્રકાશ સમીક્ષા દ્વારા સમગ્ર સમાજ સુધી પહોંચાડવા માંગીએ છીએ. આ માટે યુવાનોના ફોટોગ્રાફ્સ, વીડિયો ક્લિપ્સ અને તેમની સિદ્ધિઓની માહિતી અમને મોકલશો.

**યુવા પેઢી માટે ખાસ સામગ્રી**

પ્રકાશ સમીક્ષામાં ૨૦થી ૪૦ વર્ષની વયના યુવાનોને ધ્યાનમાં રાખીને વિવિધ ઉપયોગી અને રસપ્રદ વિષયો રજૂ કરવાનો અમારો પ્રયાસ છે. દરેક સમાચારને આશરે એક મિનિટ જેટલો ટૂંકો અને અસરકારક સમય રાખવામાં આવશે, જેથી વ્યસ્ત જીવનશૈલીમાં પણ યુવાનો તેને સરળતાથી જોઈ અને તેનો લાભ લઈ શકે.

**જલગાંવનો પાંજો મેળાવો**

તા. ૨૭ સપ્ટેમ્બરે જલગાંવ ખાતે શ્રી કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા આયોજિત પાંજો મેળાવોમાં હાજરી આપવાનો મને અવસર મળ્યો. ખૂબ જ સુંદર રીતે આયોજિત આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ જ્ઞાતિજનોની સક્રિય ભાગીદારી રહી હતી.

મહારાષ્ટ્ર એકમ દ્વારા શિક્ષણ, તબીબી સહાય તેમજ જરૂરિયાતમંદ પરિવારોને માસિક સહાયરૂપે સાધાર્મિક ભક્તિ જેવા ક્ષેત્રોમાં ખૂબ જ સુંદર કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, ખાનદેશ રત્ન પૂજ્ય પ.પૂ.

જયદર્શિતાજી મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ એક વિશેષ યોજના પણ શરૂ કરવામાં આવી છે, જેના માધ્યમથી સમગ્ર ભારતના જરૂરિયાતમંદ લોકોને લખપતિ બનાવવાનો અને તેમના માટે નિયમિત આવકનું સાધન ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવશે. આ મહત્વાકાંક્ષી અને સમાજોપયોગી યોજનાની વધુ વિગતો હું આગામી અંકોમાં આપ સૌ સાથે શેર કરીશ.

પ્રકાશ સમીક્ષા હવે માત્ર એક પ્રકાશન નથી; તે સમગ્ર કેડીઓ સમાજને વધુ નજીકથી જોડવાનું એક સશક્ત માધ્યમ બનવા તરફ આગળ વધી રહી છે. આપનો સહયોગ, સૂચનો અને પ્રેમ જ અમારી સૌથી મોટી પ્રેરણા છે.

આપ સૌને અને આપના પરિવારજનોને નવરાત્રિની હાર્દિક શુભકામનાઓ.

જય જિનેન્દ્ર!


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કેશરસિંહ આણંદજી ખોના — કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

તિલકચંદ કુંવરજી લોડાયા — ઍડ. શૈલેશ સનત્ શાહ

શિલ્પાબેન અજાણી — કિરીટ ખેતસી શાહ

ઍડ. કેતન મધુકાંત લોડાયા — જયંત વિશનજી છેડા


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૨૩, તા. ૫-૧૦-૨૦૨૬**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

વનિતા વિશ્વ

# નમવું નથી, ફાવતું નથી અને ગમતું નથી

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



આજના જમાનામાં યુવતીઓ જ્યારે ઘર છોડીને હોસ્ટેલમાં અથવા પરદેશ જઈને ભણવા લાગી છે; ત્યારથી એમની રહેણી કરણી, વિચારસરણી, નમતું જોખવું, એડજસ્ટ થવું એ બાબતો રહી જ નથી.

એટલે જ લગ્ન માટે જ્યારે મુરતિયો જોવાનું શરૂ કરે ત્યારે પહેલા તો એને એમ જ થાય કે છોકરો મા- બાપનું એકલું જ સંતાન હોય. સાસુ- સસરા તો ડસ્ટ બીન અથવા જૂનું ફર્નિચર કહેવાય. નણંદ, દિયર, જેઠ તો માથાના દુખાવા.

અને છોકરો ફોરેનમાં રહીને કમાતો હોય તો પહેલી પસંદગી. અથવા મા- બાપ થી દૂર બીજા કોઈ શહેરમાં રહેતો હોય તેની બીજી પસંદગી. સાસરીયા સાથે રહેવું ગમતું નથી અથવા કહો કે ફાવતું નથી. કેમકે નમતું જોખવું નથી.

સ્વતંત્ર વિચાર શક્તિ ભલે ધરાવતા હો. શિક્ષણનો ઉપયોગ નોકરી કરીને ભલે સમાજને ઉપયોગી થાઓ પરંતુ સ્વતંત્રતા અને સ્વચ્છંદતાની રેખામાં અંતર હોવું જોઈએ. સ્વતંત્રતાના નામે અથવા આધુનિકતાના નામે પહેરવા ઓઢવામાં મર્યાદા ના રાખો, તે કેટલું ઉચિત છે?

ઘરમાં દિવસે પતિ, સંતાનો અને કામદાર વર્ગ સામે સાવ મર્યાદા રહિત કપડાં પહેરીને ફરો એમાં શું ઈજ્જત રહે? આજકાલ ઘરે દિવસમાં બે ચાર પાર્સલ ડિલિવરી કરવા ૯૯% પુરુષો જ આવતા હોય છે. અમુક પરિધાનમાં પુરુષનું મન વિકૃત થઈ જ જાય. રસ્તે જતા પણ શોર્ટ્સના નામે સાથળથી ઉપર જે પહેરે છે એ જોઈને સુસંસ્કૃત પુરુષો તો શું, સ્ત્રીઓ પણ ઘડીક વાર હેબતાઈ જાય છે.

આધુનિકતા એટલે ટૂંકા વસ્ત્રો અને ટૂંકા વિચારો જ હોય એવું કોણે કીધું? પહેલાંના જમાનામાં જે સ્ત્રીઓને ભણવા ન મળતું અથવા ભણે તો અમુક મર્યાદિત સંસ્થાઓમાં જ કામ કરવાની પરવાનગી મળતી હતી. આજના વિજ્ઞાન યુગમાં યુવતીઓ ખૂબ ખૂબ ભણે છે. પૃથ્વીથી અંતરિક્ષ સુધીની યાત્રા પણ કરે છે. કોર્પોરેટ જોબ કરે છે. સર્વોચ્ચ સ્થાન એટલે એક સ્ત્રી પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ પણ બની શકે છે.

આપણે શું આપણા ફાઈનાન્સ મિનિસ્ટર શ્રીમતી નિર્મલા સીતારામન અથવા પ્રેસિડેન્ટ શ્રીમતી દ્રોપદી મુર્મુને ટૂંકા વસ્ત્રોમાં કલ્પના કરી શકીએ ખરા? ટૂંકા વસ્ત્રો પહેરીએ તો જ આપણી આધુનિકતા દેખાય? કુશાગ્રતા તો પોતાના ભણતરમાં , બુદ્ધિબળમાં હોય. જેનો ઉપયોગ સારી રીતે કરો તો તમે પણ આકાશને આંબી શકો છો. અને તમારી સામે કોઈ પણ આંખ ઉઠાવીને ખરાબ નજરે નહીં જુએ. પરંતુ માનની નજરે જોશે અને માન પણ આપશે. કેમ બરોબર ને?

## થઈ જાવ ફરી એકવાર તૈયાર
## એક અનોખી પ્રતિયોગીતા; એક યુનિક ફેશન શો.

આ અંકમાં પ્રતિયોગીતા વિશે વિગતવાર માહિતી આપેલી છે. તે વાંચો, જાણો અને ભાગ લો. તમે એકલા જ નહીં તમારા આડોશી, પાડોશી, મિત્ર, પરિવાર સૌને જણાવજો. અને વધુને વધુ સંખ્યામાં ભાગ લેશો. આવી પ્રતિયોગીતા તમે પહેલા ક્યારેય જોઈ કે માણી નહીં હોય.

આ અંક હાથમાં આવતા જ રજીસ્ટ્રેશન કરાવવાનું શરૂ કરી દેજો. ઓલ ધ બેસ્ટ. રજિસ્ટ્રેશન માટે આ ક્યુઆર કૉડ સ્કેન કરી ગુગલ ફોર્મમાં વિગત ભરી અપલોડ કરવા વિનંતી.

TQRCG

# પ્રકાશ સમીક્ષા લાવી રહ્યું છે – Unique Fashion Show

ચાલો તમે બધા તૈયાર છો ને દાદા- દાદી, નાના- નાની, પપ્પા- મમ્મી, દીકરા- દીકરી, તો ચાલો ફરી એક વખત એક અનોખા ફેશન શો માં ભાગ લેવા. તરત જ તમારૂં નામ રજીસ્ટર કરાવો. પછી કહેતા નહીં કે અમે રહી ગયા.

કોણ બનશે આ ''ફેશન શો'' ની સ્માર્ટ સુંદરી અને સ્માર્ટ સોહામણો. એ ઉપરાંત આમાં ઘણા બધા



આ પ્રતિયોગીતા ફક્ત KDO પુરુષ, સ્ત્રી અથવા નિયાણી બેનો જ ભાગ લઈ શકશે .

**આ પ્રતિયોગીતા ત્રણ કેટેગરીમાં હશે.**

**ઉં.વ.૨૦ થી ૪૦,**

**ઉં.વ.૪૦ થી ૬૦ અને**



**ઉં.વ. ૬૦ થી ઉપર.**

આ સ્પર્ધામાં ત્રણ રાઉન્ડ રહેશે. પહેલા બે રાઉન્ડ ઓનલાઇન હશે. અને ત્રીજું લાઈવ પરફોર્મન્સ રહેશે. જે મુંબઈમાં થશે. જે સ્પર્ધકો ત્રીજા રાઉન્ડમાં સિલેક્ટ થશે એમને પોતાના ખર્ચે મુંબઈ આવવાનું તેમજ રહેવાનું રહેશે.

**ફર્સ્ટ રાઉન્ડ :** Regional dress, (Kutch, Gujarat and Rajasthan)

આ વિડિઓમાં Ramp walk+ સેલ્ફ ઇન્ટ્રોડક્શન (self introduction) રહેશે.

Time limit 2 minutes

**સેકન્ડ રાઉન્ડઃ** Traditional dress (ફક્ત કચ્છી speciality) આ વિડિઓમાં Ramp walk Plus dance performance (with prop) and a speech on selective subject.

Time limit 3 minutes

**થર્ડ રાઉન્ડઃ** Fusion ( Traditional+ Modern)

Ramp walk for 2 minutes and answer the questions asked by judges. જજ દ્વારા પૂછેલા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

**આકર્ષક ઈનામોઃ**

૧. Best Costume

૨. Best performance

૩. Best appearance

૪. સ્માર્ટ સુંદરી / પ્રજ્ઞા સુંદરી

૫. સ્માર્ટ સોહામણો /પ્રજ્ઞા વીર

વગેરે વગેરે

સ્પર્ધા રાઉન્ડમાં ફેરફાર કરવાનો હક્ક નિર્ણાયકોનો રહેશે. સ્પર્ધાનો અંતિમ નિર્ણય Judgesનો રહેશે.

એક ફોન નંબરથી એક જ નામ Register કરવામાં આવશે. Registration માટે ક્યુઆર કૉડ સ્કેન કરી ગુગલ ફોર્મમાં લિંક દ્વારા તમારૂં નામ Register કરવાનું રહેશે.

**રજિસ્ટ્રેશનની અંતિમ તા. ૩૦ નવેમ્બર ૨૦૨૬**



# કચ્છ દર્શન





(ભાગ : ૭૧)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## પર્વાધિરાજ પર્યુષણ ગઈકાલ-આજ-આવતીકાલ

(ગતાંકથી ચાલુ)



શ્રી સુથરી મહાતીર્થ : તા.અબડાસા (કચ્છ) સુથરી - ૩૭૦૪૯૦

આપણા યાત્રિકો સાથે આપણે રવેચી માતા-રાપર તરફ આગળ વધીએ તે પહેલાં દિનાંક ૬ સપ્ટેમ્બર થી ૧૭ સપ્ટેમ્બર સુધી કોઈ કારણસર મહાતીર્થ સુથરી મધ્યે **પ.પૂ. મલયસાગર અને પ.પૂ. રત્નાકર સાગર મ.સા.**ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ જાણવાનો, મનન કરવાનો અને માણવાનો અમુલ્ય લાભ મળ્યો. સોનથરી ને સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને તબીબી ક્ષેત્રે પુરુષાર્થ કરી 'સ્વપનદ્રષ્ટા **સ્વ. શેઠશ્રી ભવાનજી નરશી છેડા (૧૯૨૪-૨૦૧૫) અને સ્વ. શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (૧૯૩૯-૨૦૧૫)** પ્રગતિનાં પંથે અનુકરણીય સેવા બજાવી ઈતિહાસમાં અમર થઈ ગયા.

તા. ૧૭-૦૯-૨૦૨૬, ગુરૂવારનાં રોજ ક.દ.ઓ.નું નવલું નઝરાણું "પખાવાજ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૭ થી વધારે બહેનોના પખાવાજ મંડળો અને ભાઈઓનાં મંડળોએ રાત્રીનાં ૩.૩૦ સુધી રમઝટ બોલાવેલી, જેનાં સૂર સંગીત અને લય હજી પણ કાનમાં ગુંજે છે. (જેમને એ આનંદ માણવો હોય તો વોટ્સએપ (૯૭૨૬૭ ૭૬૬૨૭) પર માંગણી કરતાં લીંક મોકલી આપીશ. આ લીંક માટે હું આભારી છું **શ્રી ભોમિક પંકજ લોડાયા (સુથરી-મુલુંડ)**નો. શ્રી સોનથરી મહાતીર્થ વિશે કચ્છ દર્શન અંક ૩૪ (દિનાંક ૨૦-૦૧-૨૦૨૫)માં વિગતવાર માહિતી આપી છે તે જોઈ લેવી.

મારે તો બે શબ્દો કહેવા છે "**શ્રી જીજ્ઞેશ અનિલકુમાર છેડા, જેઓ સંપૂર્ણ સુથરી તીર્થનું અન્ય સહાયકો સાથે સુચારૂ સંચાલન કરે છે. શ્રી સોમચંદ તિલકચંદ્ર મોમાયા (સાંયરા-હાલે સુથરી)**" વિશે જેમણે ૯ ઉપવાસની તપસ્યા કરી સાથે પર્વાધિરાજ પર્યુષણની ઓફિસમાં વ્યવસ્થા જાળવી રાખી. ભોજનાલયમાં અવનવા વ્યંજનો પિરસવામાં **શ્રી હિરેન વિશનજી પોલડીયા** અને તેમની ટીમે સારી જહેમત ઉઠાવી.

આ અંકનો મારો વિષય છે **પર્વાધિરાજ પર્યુષણ ગઈકાલ-આજ અને આવતીકાલ.**

આજથી લગભગ ૬૦ વર્ષ પૂર્વે પર્યુષણ પર્વ અતિ ઉત્સાહથી ઉજવાતું. કચ્છનાં ગામે ગામ મુંબઈ અને ભારતભરમાંથી ભાવિકો પધારતા. મોક્ષની બારી ખોલી તેમાંથી ભાદરવા સુદ બીજનાં સ્વપનાં ઉતારવામાં આવતાં અને ઉછામણી બોલવાનાં ધીમાં વહાણ અને મહાલક્ષ્મીમાં રસાકસી રહેતી સવારનાં રાઈ પ્રતિક્રમણ અને સાંજનાં દેવસિ પ્રતિક્રમણની આરાધનામાં લગભગ બધા લોકો જોડાતાં- કેટલાક ગામોમાં ઈતર સમાજનાં લોકો પણ જોડાતાં.

પર્યુષણ પર્વની આરાધનાનાં મારા ૪૦થી ૫૦ વર્ષ પૂર્વનાં અનુભવ ઉપરથી એટલું કહીશ કે પર્વનાં સાત દિવસની આરાધનામાં ઘડીની પણ ફુરસદ મળતી નહોતી.

સવારનાં પાંચ વાગ્યે રાઈ પ્રતિક્રમણ, છ વાગે પ્રક્ષાલ અને મુગટ પુજા - નવકાશી નવ વાગ્યે સામુહિક ચૈત્યવંદન અને ભક્તામર સ્ત્રોત્ર સાડા નવ વ્યાખ્યાન બપોરનાં જમણ બાદ ત્રણ વાગે વ્યાખ્યાન, સાડા છ વાગે ચૌવિહાર, સાત વાગે દેવસી પ્રતિક્રમણ, આઠ વાગે પ્રભુજીની ભાવના, આરતી-મંગળ દિવો ઈત્યાદી...

ભાદરવા સુદ એકમથી, મહત્ત્વનો ધર્મ ગ્રંથ ''કલ્પસુત્ર'' નું વાંચન થાય. **શું છે આ કલ્પસુત્ર ?** કલ્પસુત્રમાં જૈન તીર્થંકરો, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, નેમિનાથ, ઋષભદેવ તથા અન્ય તીર્થંકરોનાં ચરિત્ર વર્ણવવામાં આવ્યા છે. કલ્પસુત્ર ભદ્રબાહુ તેરા લખાયેલ માનવામાં આવે છે. મહાવીરનાં નિર્વાણ બાદ લગભગ ૯૮૦ કે ૯૯૩ વર્ષ બાદ ધ્રુવસેનાનાં શાસન દરમિયાન લખાયેલી હોવાની સંભાવના છે.

કલ્પસુતનું વ્યાખ્યાન વાંચન ભાદરવા સુદ એકમથી શરૂ થાય છે અને ભાદરવા સુદ ચોથનાં પૂર્ણ થાય છે. ભાદરવા સુદ-પનાં ''બારસા સુત્ર''નું વાંચન થાય છે, જે ફક્ત પુ. સાધુ કે સાધ્વીગણ જ કરી શકે. પણ પૂ. સાધુ-સાધ્વી પર્યુષણ દરમ્યાન ઉપલબ્ધના હોય તો અચલગચ્છ પરંપરામાં રાખનાં રમકડા મારા રામે રાખ્યાના રાગ ઉપર સુત્ર ઉપલબ્ધ છે જે શ્રાવક રાગ સાથે ગાઈ શકે છે.




પ્રતિક્રમણ : ઘણા ધર્મનિષ્ઠ વ્યક્તિઓ રોજ પ્રતિક્રમણ કરે છે કે સામાયિક લે છે. હવે ધીમે ધીમે આજના યુગમાં આ પ્રથા લુપ્ત થતી જોવાય છે. ઘણા ગામો કે શહેરોમાં જૈન સંઘના અભાવનાં કારણે વિધીસર ક્રિયા કરાવનાર ગુરુ મળતા નથી.

આતો હતી ૪૦ વર્ષ પૂર્વની ગઈકાલ- હવે આવતીકાલ વિશે જરા વિચાર કરીએ. એક કલ્પના કરી શકાય કે પ્રતિક્રમણ ''યુ-ટ્યુબ'' પર પ્રચલિત કરવામાં આવશે. (અત્યારે ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ-મુંબઈમાં કેસેટ ઉપલબ્ધ છે.) યુ-ટ્યુબનાં સથવારે ''કરેમિ ભંતે !''નું પચ્ચક્ખાણ લઈ નિયમ લેવો કે મન-વચન-કાયાથી કાંઈ પણ પાપ ન કરવું, ન કરાવવું તથા જીવનમાં અડગ ધૈર્યથી સમભાવમાં રહેવું.

સામાયિક પારવાનાં સુત્રમાં દસ મનનાં, દસ વચનનાં, બાર કાયાનાં એ બત્રીસ દોષમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય, તે સવિહુ મન, વચન, કાયએ કરી મિચ્છામિ દુક્કડ્મ કહી ક્ષમા માંગવામાં આવે છે. (ઉપરનો લેખ તૈયાર કરવામાં ઘણા લોકોનો તથા પુસ્તકોનો આધાર લીધો છે તેથી જિન આજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્).

**દર વર્ષ આવે પર્યુષણ,**
**સાથે લાવે એક સવાલ;**
**'વર્ષભર બહાર જીવ્યો છું,**
**હવે જીવું થોડું મનમાં આજ !'**
**ઉપવાસ કર્યા અન્નનો મેં,**
**પણ ક્રોધનો ઉપવાસ ક્યાં ?**
**મૌન ધર્યું હોઠ પર મેં,**
**પણ વાણીમાં મીઠાશ ક્યાં ?**
**પ્રતિક્રમણના શબ્દો બોલ્યા,**
**ભૂલોની યાદી પણ કરી;**
**પણ અંતરમાં જે બેઠો અહંકાર,**
**એની સાથે વાત ક્યારે કરી ?**
**'મિચ્છામિ દુક્કડમ્' માત્ર શબ્દ નહીં,**
**હૃદયનો નિખાલસ એકરાર અને,**
**'મારી ભૂલ હતી... મને માફ કરજો',**
**એમ ક્ષમાનો દ્વાર ખૂલે.**
**પ્રભુએ જીવનજાગૃતિની દિશા આપી,**
**મન જાગૃતિની રીતિ આપી**
**મન બહારથી અંદર વાળવાની,**
**આત્માને ઓળખવાની રીત આપી છે.**
**ચાલો, આ પર્વને ઉજવવા સાથે,**
**આ પર્વને મન ભરી જીવીએ;**
**પરંપરાને જાગૃતિમાં ફેરવી,**
**પોતાની અંદર દીપ પ્રગટાવીએ.**

વધુ આવતા અંકે...



વડીલોનું વિશ્વ

# છોડી દેવાની નહીં, સ્વીકારવાની કળા



તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

જિંદગીના એક તબક્કે આપણને લાગે છે કે આપણે બધું નિયંત્રિત કરી શકીએ છીએ આપણા દિવસો, આપણાં બાળકો, આપણી કારકિર્દી, આપણાં સંબંધો અને કદાચ જીવનની દિશા પણ. આપણે આયોજન કર્યું, સપનાં જોયાં, ઘર બનાવ્યાં, સંબંધો સાચવ્યા અને જવાબદારીઓ ઉઠાવી. જીવનના એ તબક્કે આપણું કામ જ હતું બનાવવું, સંભાળવું, દોરવું અને રક્ષણ કરવું.

પરંતુ ધીમે ધીમે જીવન બદલાય છે.

બાળકો મોટા થાય છે અને પોતાનું આકાશ શોધવા આગળ વધે છે. તેઓ આપણાથી દૂર થવા માટે નથી જતા; તેઓ પોતાનું જીવન જીવવા આગળ વધે છે.

વહાલું ઘર બદલવું પડે છે. કદાચ હવે તેની સીડીઓ ચઢવી મુશ્કેલ લાગે છે. એક સમયની આપણી ઓળખ પિતા, માતા, શિક્ષક, ઈજનેર, અધિકારી કે વ્યવસ્થાપક ધીમે ધીમે પાછળ રહી જાય છે. અને એક દિવસ, કોઈ શાંત બપોરે, આપણે આસપાસ જોઈએ છીએ અને અચાનક સમજાય છે

''જીવન બદલાઈ ગયું છે.''

જે લોકોને આપણે રોજ મળતા કે ફોન કરતા હતા, હવે તેમની સાથે સંદેશાઓની આપલે થાય છે. આસપાસના ચહેરાઓ બદલાઈ ગયા છે. અરીસામાં દેખાતી કેટલીક રેખાઓ પણ અજાણી લાગે છે. તે ક્યારે આવી ગઈ તેની ખબર જ પડી નહીં.

આ સમયે આપણે ઘણી વાર કહીએ છીએ 'Let go' છોડી દો. પરંતુ થોડું ઊંડું વિચારીએ તો છોડી દેવું પણ એટલું સહેલું નથી. કારણ કે છોડી દેવા માટે પહેલાં કંઈક પકડી રાખવું પડે. અપેક્ષાઓ, સંબંધો, ભૂમિકાઓ, સંપત્તિ, પ્રતિષ્ઠા, જૂની યાદો અને સૌથી વધુ''મારું જીવન આવું જ હોવું જોઈએ'' એવી આપણી કલ્પના.

આપણે ઘણું બધું પકડી રાખીએ છીએ. તેથી જ્યારે જીવન એમાંથી કંઈક આપણી પાસેથી લઈ લે છે, ત્યારે તેને છોડવાનું દુઃખ થાય છે. કદાચ અહીં જાપાનીઝ વિચારધારાનો એક સુંદર શબ્દ આપણને નવી દિશા આપે છે. UKETAMO એનો ભાવ છે, જીવન જે લઈને આવે તેને તરત જ વિરોધથી ન જોવું; તેને સ્વીકારવું, અનુભવવું અને તેમાંથી શીખવું.

માનો કે ગુરુ કહે, ''પર્વતોમાં જાઓ.'' તમે જાઓ. કહે''નદીકિનારે બેસો.''તમે બેસો. વરસાદ આવે તો વરસાદને અનુભવો. પવન આવે તો પવનને અનુભવો. રસ્તો કઠિન બને તો પણ ચાલતા રહો.

દરેક ક્ષણે પ્રશ્ન ન હોય''આવું શા માટે?'' પરંતુ એક શાંત ભાવ હોય, ''આ પણ મારા અનુભવનો એક ભાગ છે.'' પર્વત આપણને મૌન શીખવે છે. નદી વહેતા રહેવાનું શીખવે છે. પથ્થર ધીરજ શીખવે છે. પવન પરિવર્તન શીખવે છે.

અને કદાચ જીવન આપણને સૌથી મોટો પાઠ શીખવે છે સ્વીકારનો. આ હાર માનવું નથી.

મારા પોતાના જીવનમાં મેં જૈન સિદ્ધાંત ''વર્તમાન જોગ''ને ખૂબ પ્રેમપૂર્વક અપનાવ્યો છે. બૉસ બદલાયા, સ્ટાફ બદલાયો, ચાર્જ બદલાયો, ટ્રાન્સફર થઈ દરેક વખતે પરિસ્થિતિને સ્વીકારી અને આગળ વધ્યો. કોઈ કચવાટ નહીં, કોઈ લાંબો અફસોસ નહીં. પરિસ્થિતિ બદલાય તો મનને પણ તેની સાથે બદલવાની કળા શીખવી.

સ્વીકારનો અર્થ નિષ્ક્રિય સમર્પણ પણ નથી. એ છે જીવન જે આપે તેને ખુલ્લા હૃદયથી સ્વીકારી, પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય પ્રતિભાવ આપવો.

નદી પથ્થર સાથે લડતી નથી. તે પથ્થરને સ્વીકારીને તેની આસપાસથી પોતાનો માર્ગ બનાવીને આગળ વધે છે.કદાચ જીવનનું પણ એવું જ છે.

બાળક મોટું થાય સ્વીકારો. ઘર બદલાય સ્વીકારો. ભૂમિકા બદલાય સ્વીકારો. શરીર ધીમું પડે સ્વીકારો. કોઈ વ્યક્તિ જીવનમાંથી વિદાય લે, દુઃખ સાથે પણ સ્વીકારો.

જે બદલી શકાય તે બદલવાનો પ્રયત્ન કરીએ. પરંતુ જે આપણા હાથમાં નથી તેને લઈને સતત સંઘર્ષ ન કરીએ.

''આ કેમ થયું?''થી આગળ વધીને એક પ્રશ્ન પૂછીએ, ''હવે આમાંથી હું શું શીખી શકું?'' કદાચ આ એક પ્રશ્ન જ જીવન તરફ જોવાનો આપણો દૃષ્ટિકોણ બદલી શકે છે.

ઉંમર વધે તેમ કદાચ આપણે સમજીએ છીએ કે છોડી દેવા કરતાં સ્વીકારવું વધુ સરળ છે. જો જીવનને પહેલેથી જ સ્વીકારી લીધું હોય, તો કંઈપણ ખૂબ જોરથી પકડી રાખવાની જરૂર રહેતી નથી. અને જે પકડી જ નથી રાખ્યું, તેને પછી છોડવાની પીડા પણ ઓછી રહે છે.

એટલે ઓછું પકડીએ, વધારે સ્વીકારીએ. ઓછો વિરોધ કરીએ, વધારે અનુભવીએ. ઓછું દોડીએ, વધારે જોઈ શકીએ. ઓછું બોલીએ, પરંતુ આપણા શબ્દોમાં વધારે ઊંડાણ આવવા દઈએ. પછી જીવનના આ શાંત વર્ષોમાં એક નવી નિરાંત જન્મે છે.

એક દિવસ આપણે બારી પાસે ચાનો કપ લઈને બેસીશું. બહારની દુનિયા પોતાની ગતિએ દોડી રહી હશે. અને આપણે હળવેથી સ્મિત કરીશું.

જીવન સંપૂર્ણ નહોતું. પણ આપણે જીવ્યાં. પ્રેમ કર્યો. શીખ્યાં. અને જે આવ્યું તેને સ્વીકારીને આગળ વધ્યાં. કદાચ એ જ છે, જીવનને પકડી રાખવાની નહીં, જીવનને સ્વીકારવાની કળા. અને ત્યારે કદાચ સમજાશે કે છોડી દેવું એટલું જરૂરી નથી, જો આપણે શરૂઆતથી જ સ્વીકારવાનું શીખી જઈએ.

---

**સાંસ્કૃતિક વારસો**

# આપણો સાંસ્કૃતિક વારસો
# પખાવાજ ભાગ ૯

સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭



**પખાવાજ પુનર્જાગરણની અવિરત યાત્રા**

**ભાંડુપ મહોત્સવ ૨૦૧૪ :** ઈ.સ. ૨૦૧૪માં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાંડુપ તથા શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપના સહયોગથી ભાંડુપ ખાતે ભવ્ય પખાવાજ મહોત્સવ યોજાયો. વડોદરા-આણંદ, ભુજ, તેરા, સાંયરા, જલગાંવ, વરાડિયા, ડોંબિવલી અને ભાંડુપ સહિત આઠ મંડળોએ ભાગ લીધો. વર્ષો પછી સમગ્ર સમાજને એક મંચ પર એકત્ર કરનાર આ કાર્યક્રમે પખાવાજના પુનર્જાગરણનો મજબૂત પાયો નાખ્યો અને સ્પષ્ટ સંદેશ આપ્યો કે યોગ્ય મંચ મળે તો આ પરંપરા આજે પણ જીવંત બની શકે છે. કાર્યક્રમના જજ તરીકે મોતીચંદ લાલજી ખોના, કીર્તિ હરિયા અને ચેતનાબેન હરિયા હતા. શ્રેષ્ઠ ટીમ વરાડિયા જૈન મિત્ર મંડળ, બીજે ક્રમાંકે તેરા મંડળ, શ્રેષ્ઠ સ્તવન ચંદ્રકાંત ખોના, તબલામાં શ્રેષ્ઠ રાજેન્દ્ર ડાઘા અને મણિલાલ શામજી તથા ઝાંઝ વગાડવામાં મૂલચંદ દેવસી દંડ તથા ચીમનલાલ દેવજી નાગડા રહ્યા. એ વખતે ૫ વર્ષના વિવાન પ્રકાશ કિરીટ દંડને ખાસ ઈનામ અપાયું.

**દ્વિતીય પખાવાજ હરીફાઈ ૨૦૧૬ :** ૧૩ માર્ચ, ૨૦૧૬ના રોજ ભાંડુપ ખાતે યોજાયેલી દ્વિતીય પખાવાજ હરીફાઈમાં સાત મંડળોના લગભગ પંચોતેર કલાકારોએ ભાગ લીધો. નિર્ણાયક તરીકે ભુજપુરના શ્રી નેણસી નરસી દેઢિયા અને રાપર ગઢવારીના શ્રી હીરાચંદ વિસનજી નાગડાએ સેવા આપી. પ્રથમ અનંત મિત્ર મંડળ-ભાંડુપ, દ્વિતીય વરાડિયા જૈન મિત્ર મંડળ અને તૃતીય શ્રી ક.દ.ઓ. સમાજ, વડોદરાને સ્થાન મળ્યું. પદમસી સોજપાર મોતા શ્રેષ્ઠ ગાયક, રાજેન્દ્ર પીતાંબર ડાઘા શ્રેષ્ઠ પખાવાજ વાદક અને ચીમનલાલ દેવજી નાગડા શ્રેષ્ઠ ઝાંઝવાદક જાહેર થયા, જ્યારે ગોવાની મહિલા મંડળીને વિશેષ ઇનામ એનાયત થયું. આ કાર્યક્રમે બુઝાતી પરંપરાના દીવામાં ફરી પ્રાણ ફૂંક્યા અને સમગ્ર સમાજમાં નવી ચેતના જગાવી.

આ કાર્યક્રમના સમાપન પ્રસંગે મુંબઈ મહાજન દર વર્ષે પખાવાજ સ્પર્ધાનું આયોજન કરશે એવી જાહેરાત પ્રમુખશ્રી કલ્પેશ મોતાએ કરી હતી. તે સમયે સૌને આશા બંધાઈ હતી

કે આપણા આ વિરલ સાંસ્કૃતિક વારસાના કોડિયામાં હવે સતત તેલ પૂરાતું રહેશે. કમનસીબે આ જાહેરાત આગળ ધપી શકી નહીં. પરંતુ પખાવાજપ્રેમી આગેવાનો અને વિવિધ મંડળોએ આ વિચારને મરવા દીધો નહીં. પોતાના નિઃસ્વાર્થ ભાવથી વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજીને તેમણે પખાવાજનો ધબકાર સતત જીવંત રાખ્યો.

**૨૦૧૮ તેરાઃ** ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ તેરા ખાતે વડોદરા મહાજન તથા સ્થાનિક આગેવાનોના પ્રયાસોથી યોજાયેલા આ કાર્યક્રમમાં અંતરજાળ, કોઠારા, નલિયા, સુથરી, જખૌ, સાંયરા અને વડોદરાની મંડળીઓએ ભક્તિ અને તાલનો અદભુત સંગમ સર્જ્યો. કચ્છની ધરતી પર પખાવાજનો ગૌરવ ફરી ગુંજી ઊઠ્યો.

**૨૦૧૯ સાંયરા :** તા. ૧૩.૯.૨૦૧૯ ને વિ.સં. ૨૦૭૫, ભાદરવા સુદ ૧૫ પૂનમના પખાવાજનો પ્રોગ્રામ હતો જેમાં સાંયરા, કોઠારા, વરાડીયા, સાંધવ, તેરા, નલિયા, અંતરજાળ (ગાંધીધામ) તથા વડોદરાનાં મંડળોએ ભાગ લીધો હતો.

૨૦૨૦ ગાંધીધામમાં પખાવાજ પ્રોગ્રામનું તા. ૨૫.૮.૨૦૨૦ના આયોજન થયેલું પરંતુ કોવિડને કારણે મુલત્વી રહ્યો હતો.

**૨૦૨૨ ગાંધીધામ :** તા. ૨.૯.૨૦૨૨. ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામના નેજા હેઠળ યોજાયો. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ તથા પખાવાજ યુવા ગ્રુપ અંતરજાળની યુવા પેઢીના સક્રિય સહભાગ અને સંચાલનથી પખાવાજ પરંપરાને નવી ઊર્જા મળી. સાગર મયુરભાઈ લોડાયા અને હિતેન સૂર્યકાંત લોડાયાના પ્રયાસોથી ગાંધીધામ ખાતે પખાવાજનું આયોજન થયું. નલિયા, તેરા, સાંયરા, કોઠારા, મહાવીરનગર-ગાંધીધામ અને વડોદરાની મંડળીઓએ ભાગ લઈને નવી પેઢીમાં પખાવાજ પ્રત્યે ઉત્સાહ જગાવ્યો. શહેરમાં યોજાયેલો આ કાર્યક્રમ ગ્રામ્ય પરંપરાને નવા શ્રોતાઓ સુધી લઈ ગયો.

**૨૦૨૩ કોઠારા પ્રોગ્રામ :** તા. ૨.૪.૨૦૨૩ના શ્રી કોઠારા જૈન મિત્ર મંડળના અમૃત મહોત્સવ પ્રસંગે પંદર જેટલા ગામોની મંડળીઓ એકત્ર થઈ. ૮૮ વર્ષની વયે હીરાલાલભાઈ જીવાણીએ પોતાની આગવી ગાયકીથી સૌને મંત્રમુગ્ધ કર્યા, જ્યારે કોઠારા અને આદિપુર-અંતરજાળ મહિલા મંડળીઓએ પખાવાજના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો.

**૨૦૨૪ ભૂજ પ્રોગ્રામ તા. ૯.૯.૨૦૨૪ :** ચૌદ પખાવાજ મંડળીઓના સહભાગ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં જયાબેન મુનવર, જલ્પનાબેન ધરમસી અને રમિલાબેન લોડાયાના નેતૃત્વ હેઠળ મહિલા મંડળીઓની રજૂઆત વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની. આ કાર્યક્રમે સાબિત કર્યું કે પખાવાજનું ભવિષ્ય મહિલા શક્તિના સહભાગથી વધુ સમૃદ્ધ બનવાનું છે. ૯૧ વર્ષીય શ્રી હિર લાલભાઈ જીવાણી તથા ૮૦ વર્ષીય પદમસીભાઈ મોતાનું સન્માન કરાયું. આ કાર્યક્રમના મુખ્ય દાતા પ્રીતિબેન ડુંગરસી મોમાયા-આદિપુર હતા. બાલ કલાકાર કનિષ્ક દિપેશ શાહ (મુનવર)-તબલા વાદકની કલાને બિરદાવવામાં આવી. અગ્રણી સમાજ સેવક શ્રી પ્રબોધ મુનવરને ભુજ ક.દ.ઓ. મહાજન દ્વારા જ્ઞાતિરત્નનું બિરુદ આપી સન્માન પત્ર અર્પણ કરાયું. પ્રોગ્રામનું લાઈવ પ્રસારણ કરાયું.

**૨૦૨૫ સાંયરા :** તા. ૧૩.૯.૨૦૨૫ના સાંયરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કચ્છ અને ગુજરાતના અનેક ગામોના મંડળો તથા મહિલા મંડળોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પરંપરાગત ગાયકી, તાલ અને નવી પેઢીના ઉત્સાહનો સુંદર સમન્વય જોવા મળ્યો. આ કાર્યક્રમે સાબિત કર્યું કે પખાવાજ હવે માત્ર જળવાઈ રહ્યો નથી, પરંતુ સતત વિકાસ પણ કરી રહ્યો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ઉત્તમ મોમાયાએ ખૂબ જહેમત ઉઠાવેલ.

**૨૦૨૬ સુથરી :** શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, સુથરીના નેજા હેઠળ તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પખાવાજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન અને લોકોનો ઉત્સાહ દર્શાવે છે કે પરંપરાની જ્યોત આજે પણ એટલી જ તેજસ્વી રીતે પ્રગટતી રહી છે. (ક્રમશ)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

**આરોગ્ય પ્રકાશ**

# પશ્ચિમી સંસ્કૃતિ આરોગ્ય માટે નુકશાનકારક

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), M : 8369077978



આજે આપણે આરોગ્યદાયી ભારતીય સંસ્કૃતિ છોડી પશ્ચિમી સંસ્કૃતિ અપનાવેલ છે. ભારતીય સંસ્કૃતિમાં જણાવેલ જુની રીતો અને રિવાજો માત્ર ધાર્મિક કે સામાજીક માન્યતા નથી પણ તે વૈજ્ઞાનિક અને આરોગ્યદાયી છે. આપણા પૂર્વજોએ દિનચર્યા, ખાનપાન કે દરેક તહેવારના રીતિ-રિવાજો આરોગ્ય સાથે સાંકળેલા છે. આજે એ દરેક વિશેનું વિજ્ઞાન જાણી, તે મુજબ સુધારા અપનાવીએ.

હવે મોટે ભાગે સૌ ઘરોમાં વેસ્ટર્ન સ્ટાઈલ કમોડ જ હોય છે. આ ટોયલેટ પર શરીર ૯૦°નો ખૂણો બનાવે છે જેને લીધે મળાશય સીધું રહેવાને બદલે વળેલું રહે છે જેથી પેટ બરાબર સાફ થતું નથી, જે લાંબે ગાળે કબજીયાત અને તેનાથી થતી બિમારીઓ આપી શકે છે. પેટ સાફ થવા માટે વધુ જોર કરવાથી પાઈલ્સ, ફિશર અને પેલ્વિક ફ્લોરના સ્નાયુ નબળા પડી શકે છે. આજે ઘૂંટણની તકલીફ વધી છે એટલે વેસ્ટર્ન ટોયલેટ તો જરૂરી જ છે ત્યારે ટોયલેટમાં પગ નીચે નાનો સ્ટુલ રાખવો જેથી પગ ઉંચા રહેશે અને પેટ સાફ સરળતાથી થશે.

સવારના ઉઠતાંવેંત ઘણા બેડ-ટી પીવાનું પસંદ કરે છે. ભૂખ્યા પેટે ગરમ ચા પીવાય તો એસીડીટી થઈ શકે, જો તેને બદલે મોં સાફ કર્યા પહેલાં હૂંફાળું પાણી પીવાય તો મોં માં રહેલ વાસી થુંક પેટમાં જાય જે શરીર માટે ઉપયોગી બને અને નરણે કોઠે પીવાયેલ હુંફાળું પાણી પેટ સાફ કરે.

વડીલો દાંત સાફ કરવા દાંતણ વાપરતાં જેને ચાવવાથી દાંતની કસરત થઈ પેઢા, દાંત મજબૂત થતાં, દાંતણનો રસ દાંતના સડાથી બચાવતો. હવે આજે આપણે ટૂથપેસ્ટ, બ્રશ વાપરીએ છીએ તે માટે કાળજી લેવી કે ટૂથબ્રશ સ્વચ્છ રહે અને કડક થતાં તરત જ બદલી નાખવું અન્યથા આ કડક બ્રશ દાંત, પેઢાને નુકશાન કરશે. ટૂથપેસ્ટને બદલે ઘરે બનાવેલ મંજન (ફૂલાવેલી ફટકડી + સિંધવ નમક)માં સરસવનું તેલ ઉમેરી પેસ્ટ જેવું બનાવી વાપરીએ તો આજે નાના-મોટા સૌને દાંતની ટ્રીટમેન્ટ લેવી પડે છે તેમાંથી બચી શકાય. આ દંતમંજન દાંત, પેઢાને મજબૂત કરે છે હલતાં દાંતની તકલીફ મટાડે અને સડો થતો અટકાવે અને સડો થઈ દર્દ થતું હોય તો તે પણ મટાડે છે.

સૂર્ય નમસ્કાર અને યોગ-આસન એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને દેન છે. આ સર્વ કસરતો શરીરને લવચીક બનાવે છે. રોગોથી દૂર રાખે છે અને માનસિક શાંતિ આપે છે. આજે મોર્નિંગ વૉકની પ્રથા છે પણ વૉકિંગ વરસાદ, તાપ વગેરેમાં બંધ રહે. સિવાય સમય ઓછો હોય તો પણ સ્કીપ થાય છે પણ ઘરમાં થતી કસરત કે ઑન ધ સ્પોટ રનીંગ કરવાથી સ્કીપ ઓછી થાય અને તેનો ફાયદો વધુ.

વડીલો જમવા પલાંઠી વાળી પગ નીચે ઘૂંટણીયું રાખી જમતાં, ઘુંટણીયું પાચન માટે ઉપયોગી તથા આગળ નમી કોળીઓ મોઢામાં નાખી પાછા સીધા થઈએ તેથી પેટના સ્નાયુઓનું હલનચલન થાય જે અન્ન પાચનની ઝડપ વધારે. હવે દરેક ટેબલ ખુરશી પર જમવાનું કરે છે ત્યારે ટેબલની ઉંચાઈ ઓછી હોય એટલે કે સામે ટીપોય હોય તો વધુ ફાયદાકારી.

જુના નાસ્તા હવે ભૂલાઈ ગયા છે. તેને બદલે બિસ્કીટ, પાઉં, ખારી, કોર્નફ્લેક્સ ખવાય છે. જમવામાં બજારુ તૈયાર પેકેટ્સ, મસાલા કે બહારથી મંગાવેલ ખાદ્ય ખવાય છે. અહીં શક્ય હોય તેટલા મસાલા નાસ્તા ઘરે બનાવીએ તો તેના સંપૂર્ણ ફાયદા મળી રહે. શક્ય હોય તેટલું બહારનું ખાવાનું ટાળીએ જેથી તેના વપરાશમાં વપરાતાં પામ ઓઈલ, અન્ય કેમિકલ્સ, પ્રીઝરવેટીવ્સની ખરાબ અસરથી બચીએ. તાજા શાકભાજી, ફળોનો ઉપયોગ, ગુણકારી. જ્યુસના બજારુ પેકેટ્સથી દૂર રહો, તેમાં ફળોનો નહિંવત ઉપયોગ થયેલો હોય અને તેમાં ઉમેરેલા સાકર-સેકરીન અને અન્ય

કેમિકલ્સથી નુકશાન થશે. જમણના અંતે આજે આપણે આઈસ્ક્રીમ કે ડેઝર્ટ પસંદ કરીએ છીએ પણ હકીકતમાં છાશ પીવી એ અતિ ઉત્તમ છે. આ જુની રીતને વળગી રહેવું જરૂરી છે.

કુદરતની ભેટ જેવી ઉપયોગી વનસ્પતિને ધર્મ સાથે જોડી દેવાયેલું. તુલસી, બીલીપત્ર, પીપળો, હવાને પ્રદુષણથી બચાવે છે એટલું જ નહિં તેનો ઉપયોગ ખાવામાં કરી ઘણી બિમારીઓથી બચી શકાય છે. આ ઉપરાંત આપણા તહેવોની ઉજવણી પણ આરોગ્યની દ્રષ્ટિએ જ કરેલ છે. શ્રાવણ-ભાદરવામાં શરીરની તંદુરસ્તી માટે ઓછું ખાઈ કે ઉપવાસ કરી આરોગ્ય મેળવવું છે. શ્રાદ્ધ દરમ્યાન ખીરનું ખાણું ઓક્ટોબરની ગરમીમાં ખૂબ રાહતદાયક, શરદપૂનમના દૂધપૌંઆ શરીરને એસિડમુક્ત કરી ઠંડક આપનાર. આમ વડીલોની દીર્ઘદ્રષ્ટિએ સર્વ રિવાજ આરોગ્યદાયી બનાવ્યા છે. શરીરને ડીટોક્સ કરવા અને પાચનતંત્રને આરામ આપવા ઉપવાસ ખૂબ ઉપયોગી છે. ઉપવાસ ન થાય તેણે ફ્રૂટ અને હળવો ખોરાક ખાઈ લાંઘન કરવું જરૂરી છે. ચોવિહાર અતિ ઉપયોગી છતાં સૌને તે કરવું શક્ય ન હોય તો શક્ય તેટલું જલ્દી જમવું કે રાતના હળવો ખોરાક ખાઈ થોડું ઘરમાં જ શતપાવલી કર્યા બાદ સૂવું.

જન્મદિવસની ઉજવણી કેક પર સળગાવેલ મીણબત્તીને બુઝાવવાની પ્રથાને બદલે ભારતીય સંસ્કૃતિ દીવો પ્રગટાવી, અંધકાર દૂર કરી આપણને પ્રકાશ તરફ દોરે છે. (તમસો મા જ્યોર્તિગમ/). જન્મદિન એ ઈશ્વરનો આભાર અને માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞતા અને વડીલોના આશિર્વાદ લેવાનો દિવસ છે. નમીને વડીલોના ચરણસ્પર્શ કરીએ ત્યારે વડીલના ચરણ અને આપણા હાથના ટેરવા વચ્ચે સકારાત્મક ઉર્જાનો પ્રવાહ વહે છે જે આપણા શરીરને ઉર્જાવાન બનાવે છે અને મનમાં નમ્રતાના ભાવ વધે છે. કેક એટલે મેંદા ને સાકરની બનાવટ ઉપર ક્રીમ અને તેમાં ભરપૂર સાકર હોવાથી નુકશાન કકઊ।, તેમાંયે પ્રસંગોપાત કેક કપાય એટલે ડાયાબિટીઝ હોય તે પણ આરોગે અને શરીર ફીટ રાખવાની કોશિષ કરનાર પણ ખાય. તેથી જ વિધવિધ ફળોની ગોઠવણી કરી કેક જેવો આકાર આપી તેનો ઉપયોગ કરવાનો મારો અનુરોધ છે.

દિવાળીના ફટાકડાનો ધુમાડો અને અવાજ, નવરાત્રીમાં ઢોલ શરણાઈના મધુર અવાજને છોડી આપણે 'ડીજે'નો ઘોંઘાટમય અવાજ પસંદ કર્યો જે બિમાર કે વૃદ્ધની ઉંઘ-આરાગ બગાડે, વિદ્યાર્થીને વાંચનમાં ખલેલ, મોટા અવાજથી કાનના પડદાને પણ નુકશાન કરી શકે. મનને શાંતિ આપતી શરણાઈ કે વાંસળીના સુરને બદલે સ્પીકર્સના મોટા અવાજ ચિંતા-તાણ વધારે.

છેલ્લે સૌથી નાની વાત.. કોઈ જાણીતા કે અજાણ્યાને મળતી વખતે તેમજ વિદાય લેતી વખતે હસ્તધૂનન કરવા કરતાં બે હાથ જોડી નમસ્કાર કરવા એ ભારતીય સંસ્કૃતિનુ બિરાદાવવા લાયક છતાં સંસર્ગજન્ય રોગના ચેપથી બચવા લાયક તો ખરું જ.

આમ પશ્ચિમી સંસ્કૃતિ તરફ વળી રહેલા આપણે આપણી ભારતીય સંસ્કૃતિ પાછળ રહેલ વિજ્ઞાન અને આરોગ્યદાયીતાને સમજીએ અને આપણા જીવનમાં દિનતર્યામાં અપનાવી આરોગ્ય જાળવીએ.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

SACHI JARI MATE REAL NAM

જ્યોતિ
Sarees
Matunga (E)

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

**તા.ક. જુની સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા સારા ભાવે લેવામાં આવશે.**

# જુનું, પણ જાણો તો સોનું

સો વર્ષ પહેલાનાં, આપણી આગલી પેઢીના વડીલોને તેમની દીર્ઘદૃષ્ટિ અને સૂઝ માટે સલામ કરવી રહી. સુખી જીવન માટેની અજબ સમજણ તેમનામાં જોવા મળતી. જીવનમાં શાંતિ અને સુખ માટે જરૂરી વહેવારો, રીતરિવાજો, આપ-લેની ગણતરી અને પારિવારિક વ્યવહારનું સ્તર સમગ્ર જ્ઞાતિ માટે એક સમાન હતું. સંયુક્ત કુટુંબમાં ઉછેર, સંસ્કાર, સમજણ અને વિશાળ પરિવાર સાથે રહેવાની પરંપરા હતી.

કચ્છમાંથી પણ અનેક પરિવારો નાનાં-મોટાં ગામોમાં સ્થાયી થયા હતા. ઘણા લોકો સ્વસ્થાને જ સ્થિર થઈને ઊભા થયા, ઉચ્ચ શિક્ષણ મેળવ્યું અને જીવનમાં આગળ વધ્યા. કરકસર કરીને, બચત કરીને સોનું, ચાંદી અને ઘરવખરીની વસ્તુઓ ખરીદતા. સો વર્ષ પહેલાં પણ દૂરંદેશી હતી, જેથી જરૂર પડે ત્યારે વસ્તુઓ વેચીને અથવા ગીરવે મૂકીને વળતર મેળવી શકાય.

એ જમાનામાં વડીલો ખૂબ કાળજીપૂર્વક નોકરી કરતા, નાના-મોટા ઉદ્યોગોમાંથી બચત કરતા અને મહિલાઓ ઘરકામની સાથે બપોરના સમયનો સદુપયોગ કરીને જરીકામ, ભરતકામ અને મોતીકામ જેવી કલાઓમાં નિપુણતા મેળવતી. દીકરા-દીકરીઓનાં લગ્ન માટે તેઓ વર્ષો પહેલાંથી જ તૈયારીઓ કરતા. આજે જો એ જૂની વસ્તુઓ બજારમાં વેચવા કાઢીએ તો તેની કિંમત લાખો રૂપિયાની થઈ શકે.

ચાંદી અને કાંસાનાં વાસણો, પિત્તળનાં વાસણો વગેરે તે સમયની ઘરવખરીનો અભિન્ન ભાગ હતાં. રોજિંદા જીવનમાં દૂધ, ચા કે છાશ માટે વાટકીઓ અને થાળીઓ વપરાતી. કાંસાનો ઉપયોગ પણ સુખી ઘરોમાં શોભા અને સજાવટ માટે થતો. કપડાં સાથે જરીનું કામ, કચ્છી ભરત અને કેનવાસ પરની ભરતકામની કળા ખૂબ લોકપ્રિય હતી. તેમાં ભૂમિતિ એટલે કે Geometry ના આકારો અને સુંદર ટાંકાઓનો ઉપયોગ થતો. આરી ભરત જેવી અનેક પ્રકારની ભરતકામની શૈલીઓ પ્રચલિત હતી. કચ્છનાં મંદિરોની કલાત્મક બારીઓ, દરવાજાઓ, તાળાં વગેરેમાં પણ કારીગરોની અદભુત કળા જોવા મળતી. આજે પણ આવી જૂની વસ્તુઓ અને કળાકૃતિઓ જોતા ગર્વ થાય છે. તે સમયે દરેક પાસે ડિગ્રી કે ઔપચારિક શિક્ષણ નહોતું, છતાં જીવન જીવવાની સમજ, કૌશલ્ય અને વ્યવહારુ જ્ઞાન અદ્‌ભુત હતું.

ડિજિટલ જમાનામાં આજે કુટુંબો નાના થતા જાય છે. ભણતર, કારકિર્દી અને પૈસા કમાવા સિવાય યુવાનો પાસે બીજી બાબતો માટે સમય ઓછો રહ્યો છે. પોતાની કારકિર્દીમાં અદ્‌ભુત પ્રગતિ કરીને તેઓ આગળ વધી રહ્યા છે. આંતરજ્ઞાતીય લગ્ન, વિદેશમાં વસવાટ કે મોટા શહેરોમાં નોકરી માટે જવું આપણી નવી પેઢી માટે હવે અસામાન્ય બાબતો રહી નથી.

પરંતુ બીજી તરફ, આપણી જૂની વસ્તુઓની કિંમત અને મહત્ત્વ જાણવાની સમજણ પણ એમના માટે એટલી જ જરૂરી છે. મારા વ્યવસાયના અનુભવ પરથી કહું તો, વધતી ઉંમર, તબિયતની તકલીફ કે ઘરમાં જગ્યા ઓછી હોવાને કારણે ઘણા વડીલો પોતાના ઘરમાં પડેલી જૂની વસ્તુઓ અંગે નિર્ણય લઈ શકતા નથી. ઘણી વાર ઘરમાં જૂની અને મૂલ્યવાન વસ્તુઓનો મોટો સંગ્રહ હોય છે. આવી સ્થિતિમાં યોગ્ય સલાહ લેવી ખૂબ જરૂરી છે.

આપણી યુવાપેઢીને પણ દોષ આપવો યોગ્ય નથી. ડિજિટલ યુગમાં રોકાણનું ગણિત બદલાયું છે અને જમાનાના હિસાબે નિર્ણય લેવાની રીત પણ બદલાઈ છે. પરંતુ જૂની વસ્તુઓની સાચવણી અને તેમનું વાસ્તવિક મૂલ્ય સમજવું પણ એટલું જ જરૂરી છે.

આપણે થોડા વ્યવહારુ વિચારો કરીએ તો

- ખોંભાનો છાલ સાચવીને જરીનાં નાના-મોટા વસ્ત્રો, હાથભરતની સાડીઓ, અન્ય કોઈપણ હાથભરતનાં કપડાં, કચ્છી ભરતની જૂની સાડીઓ, નાના-નાના પીસ, હાથીદાંતનાં ચૂડલાં જેવી જૂની વસ્તુઓ ઘરમાં હોય તો તેને ફેંકી દેતા પહેલાં કોઈ જાણકારની સલાહ

લઈને આવી વસ્તુઓની વાસ્તવિક કિંમત (Value) જાણવી.

- ઘરમાં રહેલી બધી જૂની વસ્તુઓની એક યાદી તૈયાર કરવી. દરેક વસ્તુને નકામી ગણીને તરત જ કાઢી નાખવી નહીં.
- તમારા કુટુંબમાં કોઈ વસ્તુ તમને ન ગમતી હોય, પરંતુ બીજી વ્યક્તિ માટે તે મૂલ્યવાન કે ઉપયોગી હોય, તો તેને ફેંકી દેવાને બદલે લગ્નદિવસ કે જન્મદિવસની યાદગીરીરૂપે ભેટ આપી શકાય.
- કોઈ સારી સંસ્થા જૂની વસ્તુઓ, કળાકૃતિઓ કે ઉપયોગી સામગ્રી સાચવતી હોય તો તેને જરૂરિયાતમંદો કે યોગ્ય સંસ્થાને આપવાનો વિકલ્પ પણ વિચારવો.

આપણી જૂની વસ્તુઓ માત્ર વસ્તુઓ નથી. તેમાં આપણા પૂર્વજોની મહેનત, કારીગરી, સંસ્કૃતિ, સ્મૃતિઓ અને જીવનશૈલીનો વારસો સમાયેલો છે. તેથી જૂનું એટલે નકામું એવું માનવું યોગ્ય નથી. ક્યારેક વર્ષો જૂની વસ્તુમાં એવું મૂલ્ય છુપાયેલું હોય છે, જે નવી અને મોંઘી વસ્તુમાં પણ ન મળે. જૂનું- સાચવેલું જોવાની નજર હોય, તો એ જ જૂનું સાચું 'સોનું' બની શકે.

**– કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા, ચેમ્બૂર**

## ગરીબ તેમજ મધ્યમ વર્ગના આપણા સમાજ માટે સાધર્મિક સહાય ફંડ ઉભું કરવું




સમય ઘણો જ બદલાયો છે. આપણી જ્ઞાતિ ઘણી જ નાની છે. તેમાં ગરીબ વર્ગ મધ્યમ વર્ગ વધારે છે. મોંઘવારી માઝા મુકી રહી છે. અનાજ, મસાલા, ઘી, તેલ, સાકર, શિક્ષણ તેમજ, બધી ચીજોમાં ભેળસેળ વધી રહી છે, તેથી બિમારીઓ વધી રહી છે.

ઉપરથી દવાઓ લેવી પડે પણ મોંઘી જ છે. ડૉક્ટરો પણ જે દવા લખી આપે તે પણ મોંઘી છે. ડૉક્ટરો પણ મોંઘા છે જો દવાખાનું આપણું હોય તો તેમાં આપણા જ ડૉક્ટરો રોકી તેમને મહેનતાણું આપી દર્દીને ઓછા ખર્ચે ટ્રીટમેન્ટ આપીએ તો ગરીબ વર્ગને ફાયદો થાય. તેમાં દરેક જ્ઞાતિને આમેજ કરવી, જેથી ભેદભાવ ન રહે. સાથે દવાની દુકાન પણ આપણી જ થાય તો જે દવાઓમાં ૧૫% થી ૨૦% ડિસ્કાઉન્ટ મળે જેથી બંને રીતે ફાયદો થાય. આપણી જ્ઞાતિમાંથી પણ જે લોકો દવાની દુકાનોમાં કાર્યરત છે તેમને રોકી વ્યવસ્થિત કરશો તો તે સારી રીતે થઈ શકે.

ગરીબ તેમજ મધ્યમ વર્ગના આપણા સમાજ માટે સાધર્મિક સહાય ફંડ ઉભું કરવું. તેમાં જ્ઞાતિમાંથી ફંડ ઉભું થઈ શકતું હોય તો વધારે સારું છે. આ વખતે ચોમાસામાં ભાંડુપના દેરાસરમાં ગચ્છાધિપતિ પણ મળ્યા છે તેમજ જ્ઞાતિ પ્રમુખ પણ વધુ સક્ષમ મળ્યા છે તો ફંડ સારું થઈ શકે તેમ છે. આ ફંડ પણ જ્ઞાતિની સંસ્થા જ્ઞાતિ સમસ્ત મહાજન અથવા મુંબઈ મહાજન કરે તેના માટે ટ્રસ્ટ મંડળ ઉભું કરે તેનું સંચાલન તે જ સંભાળે.

તેમજ આપણા દેરાસરોમાં ઘી બોલી બોલાય છે તેના ભાવ ઘી મણના ૩ થી ૫ સુધી જ છે જે સ્વપન્નાનું ઘી બોલાય છે તેમાં કોઈપણ ફેરફાર ન કરવો પણ તેમાં દરેક મણમાં રૂા. ૧/- + રૂા. ૨/- વધારે લઈ તે સાધારણમાં લઈ શકાય છે. તેથી કોઈ ને વધારે બોજ નહીં અને ફંડ જલ્દી ભેગું થઈ શકશે. સાધર્મિક સહાય ફંડ માટે નવી કમિટી ઉભી કરવી તે માટે તેના યોગ્ય ટ્રસ્ટીઓ નીમવા જોઈએ. તેઓ માટે ૨ થી ૩ વરસ રાખવું અને ટ્રસ્ટીઓ ચુંટાતા રહે તો બધું વ્યવસ્થિત થતું રહેશે.

લખાણમાં કંઈ ત્રુટી હોય તો મિચ્છામી દુક્કડમ્.

**લી. મેઘજી ભાણજી શાહ (પોલડીયા)**
**ડુમરા (નાગપુર) ઉ.વ. ૯૯**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

# પ્રકૃતિ પરમાત્માનું સ્વરૂપ

સૃષ્ટિના સર્જનહારે સજીવ અને નિર્જીવ બંને માટે અખૂટ વૈભવનો ખજાનો રચ્યો છે. આ દિવ્ય ખજાનાને આપણે પ્રકૃતિ નામે ઓળખીએ છીએ. પ્રકૃતિ એટલે પરમાત્માની એવી અદ્‌ભૂત વ્યવસ્થા, જ્યાં કીડીને કણ અને હાથીને મણ મળે છે , જ્યાં દરેક જીવનું પાલન –પોષણ તેની જરૂરિયાત મુજબ સ્વયંસ્ફૂરિત થતું રહે છે.

એક માત્ર વૃક્ષને જ નિહાળીએ તો પ્રકૃતિનું અલૌકિક સૌન્દર્ય સ્પષ્ટ થઈ જાય છે. કોઈ ભૂમિતિ કે બીજગણિતના સમીકરણો વિના તેની ડાળીઓ ઉપર પર્ણો આપોઆપ ઉગી નીકળે છે, સમયાનુસાર તેની ઉપર ફૂલો ખીલે છે, ફળો લદાય છે. પંખીઓ તેની ઉપર માળા બાંધે છે,વટેમાર્ગુઓ તેની શીતળ છાયામાં વિશ્રામ કરે છે અને પાનખર આવતાં પર્ણો ખરતાં રહે છે અને સમય આવે પુનઃ નવપલ્લવિત બની જીવનનું નવું ગીત ગાય છે. આ અવિરત સર્જન અને પુનસર્જનની લીલા જ તો પરમાત્માનુ જીવંત સ્વરૂપ છે. પ્રકૃતિ એ પરમાત્માનું એવું નિઃશબ્દ કાવ્ય છે, જે દરેક પર્ણ, પુષ્પ , પર્વત અને પવનમાં નિરંતર ગુંજતું રહે છે.

શશાંક પોતાની મનોહર શશિકળાઓથી આકાશને શોભાયમાન બનાવે છે. ચાંદની રાતે રાતરાણીની સુગંધ વાતાવરણને મદમાતું બનાવી દે છે. ચંદ્રપ્રકાશમાં નૌકાવિહાર કરતી ક્ષણો મનને અલૌકિક શાંતિ અને અહર્નિશ આનંદનો અનુભવ કરાવે છે. આ દિવ્ય અનુભૂતિને જ પ્રકૃતિની લીલા અને પરમાત્માનું પ્રગટ સ્વરૂપ કહી શકાય.

ૠતુઓની રાણી વસંતનું આગમન થતાં સમગ્ર ઉપવન જાણે નવોઢા સમ શોળ શણગાર સજી ઊઠે છે. રંગબેરંગી ભ્રમરો શરણાઈના મધુર સ્વર સમું ગુંજન કરતા એક પુષ્પથી બીજા પુષ્પ સુધી પરાગરજ પહોચાડે છે. કોયલ પોતાના મધુર કંઠે વસંતનું સ્વાગત ગીત ગાય છે. લીલીછમ વનરાજી, ખીલેલા પુષ્પો અને આનંદથી ઝૂમતી સમગ્ર જીવસૃષ્ટિ જાણે પ્રકૃતિના ઓવારણાં લેતી હોય એવું દ્રશ્ય સર્જાય છે. એ જ તો પરમાત્માની અનંત કૃપાનો પરિચય છે.

ગગન ગરજે, મેઘાડંબરે વીજળી ચમકે અને મેઘારાણી ક્યારેક ઝરમર તો ક્યારેક ધોધમાર વરસે ત્યારે પ્રકૃતિનુ સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. અને હર્ષાવેશ બની કળા કરતાં મયુરને નીરખી અંતરમન થનગનાટ કરે છે. ખળખળ વહેતી નદીઓનો કલરવ, પર્વતો પરથી ધરાને ભેટવા અતૂટ જલધારાઓ અને ધુમ્મસમાં લપેટાયેલા શિખરો મનને મંત્રમુગ્ધ કરી દે છે . આવા દ્રશ્યોને અનિમેષ નિહાળવા હૃદય વારંવાર લલચાય છે.

આસામના લીલીછમ ચાના બગીચાઓ પ્રકૃતિની કલાત્મકતા દર્શાવે છે. એક સરખા હરિયાળા છોડોની હરોળમાંથી પસાર થતાં જ સુગંધથી દિલ તરબતર થઈ જાય છે. માનવજાતને મળેલો આ પણ પ્રકૃતિનો એક અમૂલ્ય ઉપહાર જ છે.

ધરતીપુત્રોના પરિશ્રમથી ખેડાયેલા ખેતરોમાં જયરે સમયસર વરસાદ વરસે છે, ત્યારે લીલાછમ પાકના ઊભા મોલ પવન સાથે લહેરાય છે. ખેડૂતના ચહેરા પર પ્રસન્નતા છ્વાઈ જાય છે અને સમગ્ર ગામમાં હર્ષનું વાતાવરણ સર્જાય છે. એ દ્રશ્ય જીવનની સમૃદ્ધિ અને પ્રકૃતિના આશીર્વાદનું પ્રતીક બની જાય છે.

તૃષા તૃપ્તિ કરતાં તળાવો, નદીઓ અને અફાટ જલરાશિથી ભરપૂર મહાસાગરો, આકાશને આંબતા ઊંચા પર્વતો અને તેની તળેટીમાં આવેલી ઊંડી ખીણો– આ બધું પ્રકૃતિના વૈભવનું અદભૂત ચિત્ર છે. શીતળ સમીર સંગ દોડતાં ધુમ્મસના વાદળો સમગ્ર વાતાવરણને રહસ્યમય બનાવી દે છે.

ઉષા અને સંધ્યાના ટાણે આકાશી કેનવાસ પર રંગબેરંગી રંગોળીની નિત્ય નવીન છટા વિખેરતું નભ,વહેલી પરોઢે વનલતા ઉપર મોતી સમ ઝળકતાં ઝાકળબિંદુ, તો મેઘની હેલીએ આભમાં સર્જાતું મનોહર મેઘધનુષ્ય,

રત્નાકરના ઘૂઘવતા મોજાઓ, ભરતી- ઓટની હેલે ચડતું સંમોહક જળસ્વરૂપ, અફાટ પેટાળમાં ધબકતી જીવસૃષ્ટિ અને છીપલાં, શંખ, કોડીઓ સહિત મુલ્યવાન મોતીઓનું ગર્ભસ્થાન, વન્યજીવોના આશ્રયસ્થાન સમા અરણ્યોની એ હરિયાળી વનરાજી જેમાં છુપાયેલો છે દિવ્ય ઔષધિનો અખૂટ ખજાનો, તેમજ ગગનચુંબી પહાડોની ઊંડી કોતરો અને ધરતીના પેટાળમાં આવેલી એ ખાણો, જેમાં છુપાયેલા છે ખનીજ, કોલસો કે ( કાળું સોનું ), કનક ( સુવર્ણ ) તથા અણમોલ રત્નોનો અખૂટ ભંડાર - આ સઘળું પ્રકૃતિએ આપણા સહુ ઉપર વરસાવેલી નિર્મળ પ્રીત અને અમૂલ્ય ભેટ જ તો છે!

શિયાળાની ટાઢક, ગ્રીષ્મમાં પ્રખર રવિ તાપ, વર્ષાની હરિયાળી અને ઋતુઓ સાથે બદલાતા કદ અને આકારમાં ભિન્ન ફળોનાં ઉપહાર, આ બધું પ્રકૃતિના વૈવિધ્યનું દર્પણ છે. લીચી, કેરી ,જાંબુ, ખજૂરમા એક બીજ, ચીકુમાં બે થી ત્રણ બીજ, સફરજનમાં સાત-આઠ બીજ, પપૈયા, સીતાફળ, ચીભડા અને તરબૂચમા અસંખ્ય બીજ, જયારે દાડમમાં એકબીજાને અડીને ગોઠવાયેલ બીજમાળ ! શું આપણે કયારેય વિચાર્યું છે કે આ અદભૂત રચના કોણે અને કેવી રીતે ગોઠવી હશે? દરેક ફળોમાં રહેલું આ સર્જનાત્મક ચમત્કાર પ્રકૃતિનો પ્રસાદ છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો નવલે - નવલે સ્વરૂપે પ્રગટ થતાં પરમાત્માનું દર્શન.

દુઃખની વાત એ છે કે માનવીએ પ્રકૃતિના આ ઉપહારને માણવા અને જાળવવાને બદલે પોતાની અતિશય મહત્વાકાંક્ષા અને લાલસાને પ્રાધાન્ય આપ્યું છે. નિર્મળ વહેતા જળને રૂંધી બનાવાતા સેતુઓ, હરિયાળા જંગલોને કાપીને કોન્ક્રીટના જંગલો ઊભા કર્યા છે અને અસંખ્ય જીવોના નિવાસસ્થાનોનો વિનાશ કર્યો છે. પ્રકૃતિ પર થતાં આવા સતત પ્રહારનું પરિણામ ક્યારેક જળ પ્રલય, ક્યારેક વિનાશક વાવાઝોડા તો ક્યારેક ભૂકંપના અને કુદરતી આફતોના સ્વરૂપે સામે આવે છે. જાણે પરમાત્મા માનવને ચેતવણી આપતાં હોય કે પ્રકૃતિનું રક્ષણ જ માનવજાતનું સાચું રક્ષણ છે.

અંતે એટલું જ કહી શકાય કે પ્રકૃતિ માત્ર દ્રશ્યમાન સૌંદર્ય નથી, તે પરમાત્માની પ્રત્યક્ષ ઉપસ્થિતિ છે. પ્રકૃતિને બચાવવી એ માત્ર પર્યાવરણની જાળવણી નથી,પરંતુ પરમાત્માના પ્રગટ સ્વરૂપનું સન્માન છે.જે પ્રકૃતિને પ્રેમ કરે છે, તે ખરેખર પરમાત્માની ઉપાસના કરે છે.

નદી, પહાડ ને સાગર જેના સુંદર રૂપ છે,
વૃક્ષોની હરિયાળીમાં વસતું એ સ્વરૂપ છે.
પ્રકૃતિનું જતન એ જ પ્રભુની સાચી ભક્તિ છે.

**- જ્ઞાનેશ જયચંદ લાપસિયા**
**મુલુંડ ચેકનાકા**
**૯૯૨૦૫૧૩૪૯૩**

**નમ્ર નિવેદન :**
જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖

**એમ્બ્રો. સાડીઓનું સેલ શ્રી મહાવીર-માટુંગા**
**૨૦% થી ૩૦% તૈયાર તેમજ ઓર્ડરથી**

| | |
|---|---|
| • રેસમની લાઈટ સાડીઓ | 30% |
| • પારસી ભરતની હેવી સાડીઓ | 30% |
| • પારસી ભરતના ચણીયા ચોળી | 30% |
| • પારસી ભરતની કુર્તી મટીરીયલ | 30% |
| • પારસી ભરતના હેવી દુપટ્ટા | 30% |
| • હેન્ડવર્કની પારસી સાડીઓ | 30% |
| • પ્લેઈન સાડી મટીરીયલ | 30% |
| • ઓલ્ટરેશન વર્ક | ૨૦% |
| • મેઈક ટુ ઓર્ડર | ૨૦% |

**દિવાળી સુધી દરરોજ**
**(તા. ૧૧.૧૦.૨૬થી ૮.૧૧.૨૬)**

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
**રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં,**
**ફુલ ગલીની સામે, માટુંગા સે.રે. ટે.: ૨૪૦૨૫૦૭૦**
**૮૬૫૨૨ ૩૯૫૩૭/૯૮૩૩૯૧૬૫૧૦**

❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖

# ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના

## (તપસ્વીઓના નામ અને ફોટા માટે ''કે.ડી.ઓ. દીપ''નો ખૂબ ખૂબ આભાર



**કોમલ અભિષેક કુરૂવા**
ગોધરા (વડોદરા-હુબલી)
વર્ષીતપ - અઠ્ઠાઈ



**શોભના અશોક નાગડા**
રંગપુર (જામનગર)
વર્ષીતપ - અઠ્ઠાઈ



**દીપા યોગેશ ધુલ્લા**
સે.ભરૂડીયા (ડોંબિવલી)
વર્ષીતપ



**પ્રેરણા વરૂણ ધરમશી**
સુથરી (ધુલીયા)
વર્ધમાન તપ



**પ્રદિપ વેરશી સાયલા**
તેરા (વાપી)
વર્ધમાન તપ (૫૯મું)



**જયેશ કાનજી ધરોડ (શાહ)**
ચેન્નઈ
વર્ધમાન તપ (૧૦૦મું)
૫૬૦૦થી વધુ આયંબીલ



**એકતા નિરવ મોમાયા**
વરાડીયા (હુબલી)
ગૌતમલબ્ધી તપ, અઠ્ઠાઈ



**જયવંતી ગુલાબ છેડા**
જસાપર (સુરત)
પુણ્યકળશ તપ, અઠ્ઠાઈ
સંતીકરણ તપ



**ડિમ્પલ પરેશ નાગડા**
કોઠારા (ડોંબિવલી)
અક્ષયનિધી તપ
મૌન નવ ઉપવાસ



**રીના પરેશ મૈશેરી**
જખૌ (મુલુંડ)
અક્ષયનિધી તપ-અઠ્ઠાઈ



**લીના વિજય મોમાયા**
વરાડીયા (મુલુંડ)
ભદ્ર તપ



**રાજુલા લિરેશ કારાણી**
ભુજ
સિદ્ધિતપ



**એકતા તૈલેશ ધરમશી**
સુથરી (ધુલીયા)
સિદ્ધિતપ



**પ્રીતી પંકજ મોમાયા**
બારોઈ (જલગાંવ)
સિદ્ધિતપ



**ધ્રુવી હર્ષ છેડા**
સુથરી (વર્ધમાનનગર)
સિદ્ધિતપ



**વિનલ અમિત લાલકા**
બાંડીયા (અંકલેશ્વર)
સિદ્ધિતપ



**નિધીશ આશીષ સોની**
સાંયરા (ધુલીયા)
સિદ્ધિતપ



**સરોજ મનીષ લોડાયા**
અમદાવાદ
સિદ્ધિતપ



**હુનર મનીષ લોડાયા**
અમદાવાદ
સિદ્ધિતપ



**દિવ્યા ધર્મેશ લોડાયા**
સુથરી (જલગાંવ)
સિદ્ધિતપ

# ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના



**શ્રીયા સંજય સોની**
સાંયરા (જલગાંવ)
સિદ્ધીતપ



**કિરીટ કુંવરજી લોડાયા**
---
સિદ્ધીતપ



**કેતન આણંદજી ખોના**
સાંયરા (જલગાંવ)
સિદ્ધીતપ



**ધર્મેશ જયેશ શાહ**
---
૨૪ કેવલજ્ઞાન તપ-અઠ્ઠાઈ



**અશોક પદમશી નાગડા**
રંગપુર (જામનગર)
૨૪ તીર્થંકર તપ



**છાયા નવીન મૈશેરી**
બાંડીયા (ડોંબિવલી)
૪૦ આયંબિલ, ૧૨ ઉપવાસ



**નવીન રાયશી મૈશેરી**
બાંડીયા (ડોંબિવલી)
૩૦ ઉપવાસ



**મહેન્દ્ર મુલજી મોતા**
લાલા (ડોંબિવલી)
૩૦ ઉપવાસ



**વિવેક વિપીન ખોના**
સુથરી (મુલુંડ)
માસક્ષમણ



**શૈલેષ મધુકર મોતા**
નલીયા (ઇંડોનેશિયા)
૩૦ ઉપવાસ



**પ્રીતી ચંદ્રકાંત શાહ**
સાંધવ (અમદાવાદ)
૧૮ પાપસ્થાનક નિ.તપ
૧૪ પૂરવ તપ



**મીતા ટોકરશી શાહ**
સાંધવ (અમદાવાદ)
૧૮ પાપસ્થાનક નિ.તપ
૧૪ પૂરવ તપ



**નીલમ ભદ્રેશ લાલકા**
વારાપધ્ધર (આદિપુર)
૧૮ પાપસ્થાનક નિ.તપ
અક્ષયનિધી તપ, અઠ્ઠાઈ



**અનુપમા હીરાચંદ ખોના**
---
૧૮ પાપસ્થાનક નિ.તપ
અઠ્ઠાઈ



**યામિની ભરત મોમાયા**
નલીયા (અંતરજાળ)
૧૮ પાપસ્થાનક નિ.તપ



**નીપા પરેશ છેડા**
સુથરી (મુલુંડ)
૧૮ પાપસ્થાનક નિ.તપ
અઠ્ઠાઈ



**મૃદુલા જયંતિ નાગડા**
તેરા (અંતરજાળ)
૧૮ પાપસ્થાનક નિ.તપ
અષ્ટકર્મ નિ. તપ



**સપના વિપુલ સોની**
વાંકુ (આદિપુર)
૧૮ પાપસ્થાનક નિ.તપ
૧૪ પૂરવ તપ



**નેહા હેમંત મોતા**
કુઆપધ્ધર (અંતરજાળ)
૧૮ પાપસ્થાનક નિ.તપ
૧૪ પૂરવ તપ



**ભૂમી હેમંત સોની**
વાંકુ (આદિપુર)
૧૮ પાપસ્થાનક નિ.તપ
૧૪ પૂરવ તપ

# ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના



**મેઘના વિપુલ છેડા**
તેરા (ગાંધીધામ)
૧૬ ઉપવાસ



**શ્વેતા પ્રતિક દંડ**
સે.ભરૂડીયા (ડોંબિવલી)
૧૬ ઉપવાસ



**ચાર્મી મુકેશ મૈશેરી**
લાલા (અમદાવાદ)
૧૬ ઉપવાસ



**સોહમ નીરજ લોડાયા**
સુથરી
૧૬ ઉપવાસ



**દીપ ભરત લોડાયા**
હૈદ્રાબાદ
૧૬ ઉપવાસ



**ખુશી યોગેશ ધુલ્લા**
સે.ભરૂડીયા (ડોંબિવલી)
૧૨ ઉપવાસ



**સ્મિતા મહેશ ધરમશી**
ગોરખડી
૧૧ ઉપવાસ



**અનુપમા રાજેન્દ્ર મોમાયા**
સાંયરા (ચેન્નઈ)
૧૧ ઉપવાસ



**રાજેન્દ્ર મોમાયા**
સાંયરા (ચેન્નઈ)
૧૧ ઉપવાસ



**જીનલ પુનમચંદ દંડ**
વરાડીયા (ડોંબિવલી)
૧૧ ઉપવાસ



**રિદ્ધી કૌશલ લોડાયા**
રવા (ઘાટકોપર)
૧૧ ઉપવાસ



**હેત દિપક નાગડા**
મો.સિંધોડી (હૈદ્રાબાદ)
૯ ઉપવાસ



**રોશની વિરલ નાગડા**
પરજાઉ
૯ ઉપવાસ



**વસંત શીવજી પોલડીયા**
બાયઠ (બડગરા)
૯ ઉપવાસ



**સ્મિત જયચંદ લોડાયા**
મસ્જીદ બંદર
૯ ઉપવાસ



**નીતા ચંદ્રેશ શિયાલ**
દલતુંગી (મુલુંડ)
મૌન ૯ ઉપવાસ



**રેખા અશોક ધરમશી**
સે.ભરૂડીયા (ડોંબિવલી)
અઠ્ઠાઈ, ૪૦ એકાસણા



**કલ્પના શાંતિલાલ લોડાયા**
---
અઠ્ઠાઈ, ૪૦ એકાસણા



**તરલીન પંકજ દંડ**
બાયઠ (યુએસએ)
ચૌવિહારી અઠ્ઠાઈ



**તીર્થ નિખીલ શાહ**
સોલાપુર
ચૌવિહારી અઠ્ઠાઈ

# ક.દ.ઓ. જ્ઞાતિના અટ્ઠાઈ તપના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના



**હિયાન યોગેશ ધુલ્લા**
સે.ભરૂડીયા (ડોંબિવલી)



**તન્વી નયન ધરમશી**
રંગપુર (સાંતાક્રુઝ)



**બમીશા શરદ નાગડા**
---



**પ્રીશા રાજેશ મૈશેરી**
માંડવી (મુલુંડ)



**જૈનમ હિતેશ નાગડા**
કોપલ



**મિલન પ્રફૂલ મોતા**
લાલા (હૈદ્રાબાદ)



**કુશ પરેશ છેડા**
નલીયા (વાપી)



**વિપુલ જયચંદ છેડા**
ગાંધીધામ



**નિરૂપમા નવીન મોતા**
તેરા (મુલુંડ)



**ધીરજ અજય દંડ**
તેરા (ચીંચવડ-પુના)



**નીતા અજય દંડ**
તેરા (ચીંચવડ-પુના)



**હંસા લક્ષ્મીચંદ ધુલ્લા**
બાંડીયા (અમદાવાદ)



**ધ્વની ચિંતન ધુલ્લા**
કેનેડા



**વીર બ્રિજેશ ધુલ્લા**
બાંડીયા (અમદાવાદ)



**તન્વી પારસ નાગડા**
નલીયા (ભુજ)



**ગીતા વિમલેશ માલદે**
સે.ભરૂડીયા (જામનગર)



**ઉમંગ વિમલેશ માલદે**
સે.ભરૂડીયા (જામનગર)



**રાજીવ દિપક દેસાઈ**
સે.ભરૂડીયા (જામનગર)



**ચાહત બ્રિજેશ મોતા**
રંગપુર (સાંતાક્રુઝ)



**નેહા સૌરભ લોડાયા**
સાંયરા (હુબલી)



**સોનિયા લેનીન અજાણી**
કોઠારા (ચેન્નઈ)



**ધ્રુતિ મીત મોમાયા**
સાંયરા (ચેન્નઈ)



**હેતલ રૂપેન મોમાયા**
ડુમરા (મુલુંડ)



**ચૈતાલી યોગેશ મોતા**
તેરા (ગાંધીધામ)



**સ્નેહા પ્રતિક મોતા**
નલીયા (ચેન્નઈ)

# ક.દ.ઓ. જ્ઞાતિના અઠ્ઠાઈ તપના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના


કુવિરા મિતેશ મોતા
તેરા (હૈદ્રાબાદ)


આદિત્ય રાજન નાગડા
ગાંધીધામ


કુશ પરેશ છેડા
નલિયા (વાપી)


માન્યતા મુકેશ મૈશેરી
લાલા (અમદાવાદ)


પ્રિયાંશ નિખીલ શાહ
સોલાપુર


પરમ ખુશાલ પોલડીયા
બાયઠ (નાસિક)


ફિયોની અંજુલ મોતા
મો.સિંધોડી (તેરા)


માધુરી ચંદ્રકાંત મોમાયા
વરાડીયા (નાહુર)


નલીન રતનશી ડાઘા
વરાડીયા (થાણા)


હીના રાજેશ મુનવર
જખૌ (બેલ્લારી)


દર્શન હીરાચંદ મૈશેરી
---


તન્વી દર્શન મૈશેરી
---


ધ્રુવ હેમંત મોમાયા
સાંયરા (અમદાવાદ)


રાયચંદ નાગશી નાગડા
કોઠારા (ડોંબિવલી)


દુર્ગા કરણ નાગડા
કોઠારા (ડોંબિવલી)


વૃષભ મયુર ધરમશી
-


પ્રિતી અશ્વિન લોડાયા
---


સ્તુતી લહેરચંદ મૈશેરી
---


ગૌરાંગ ગુલાબચંદ મૈશેરી
---


ગુંજલ આશિષ લોડાયા
---


મહેક વિનોદ દંડ
---


હેતિકા રાજેશ ધરમશી
જસાપર (અમદાવાદ)


વંશ રાહુલ ધરમશી
સુથરી (સુરત)


સુનિતા મનીષ લોડાયા
મો. સિંધોડી (ભાંડુપ)


તનિષ્કા રૂપેશ લાલકા
ઈન્દોર

# ક.દ.ઓ. જ્ઞાતિના અઠ્ઠાઈ તપના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના



**નયના દિવ્યેશ મુનવર**
કોઠારા (ભુજ)



**નવ્યા દિવ્યેશ મુનવર**
કોઠારા (ભુજ)



**જૈનમ જયેશ ધરમશી**
કોઠારા (ઈન્દોર)



**જ્યોતિ મયુર ગોસર**
ગોએરસમા (મુલુંડ)



**દક્ષાબેન દિપક લોડાયા**
જખૌ (સાંધવ)



**ઉન્નતિ વિરેન નાગડા**
સાંધાણ (થાણા)



**તોશન ગૌતમ નાગડા**
બાયઠ (સોલાપુર)



**ડોલી લક્ષ્મીચંદ ખોના**
સુથરી



**દર્શન હર્ષ ધરમશી**
સાંધાણ (ડોંબિવલી)



**નીતીન કુલીનકાંત શાહ**
સાંયરા (પુના)



**તન્વી વિજય શાહ(ખોના)**
---



**લતા રમેશ ખોના**
ગોરખડી (ડોંબિવલી)



**હરીશ કુંવરજી લોડાયા**
---



**મોક્ષા અલ્પેશ મૈશેરી**
---



**કોમલ અમિત નાગડા**
તેરા (મુલુંડ)



**ગીતા કિરીટ લોડાયા**
---



**અનુજ ગીરીશ લોડાયા**
---



**જીનલ નિરવ લોડાયા**
રાપરગઢવારી (ઘાટકોપર)



**શુભમ કેતન ખોના**
સાંયરા (જલગાંવ)



**નવલબેન રતનશી પોલડીયા**
(બડગરા)



**મિથિલેશ રમેશ લુઠીયા**
રાયધણજર (ઘાટકોપર)



**અલ્પા સુનીલ નાગડા**
રંગપુર (જલગાંવ)



**કિંજલ કુણાલ નાગડા**
નલીયા (બુરહાનપુર)



**ધ્વની જીનન લોડાયા**
કારંજા (લાડ)



**ધ્યાની જીનન લોડાયા**
કારંજા (લાડ)

# ક.દ.ઓ. જ્ઞાતિના અટ્ઠાઈ તપના તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના


**રાજેન્દ્ર આણંદજી ધરમશી**
સુથરી (દેવલાલી)


**પ્રિતી નિરેન લોડાયા**
---


**હર્ષા ધનેશ ધરમશી**
સાંધાણ (વિરાર)


**મીના સંજય મૈશેરી**
ગોધરા (ગાંધીનગર)


**મેઘા અતીત લોડાયા**
---


**કાનન અક્ષય વિકમશી**
ખામગાંવ


**ક્રિશા દેવેન લોડાયા**
---


**સમીર તલકચંદ શિયાલ**
પુના


**તૃપ્તી સમીર શિયાલ**
પુના


**કરણ દિનેશ પોલડીયા**
ગોએરસમા (ઈગતપુરી)


**કરિશ્મા ઉપેન ધરમશી**
ના.સિંધોડી(ડોંબિવલી)


**મોક્ષ નિખીલ ધરમશી**
ના.સિંધોડી(ડોંબિવલી)


**માનસ મનીષ લોડાયા**
અમદાવાદ


**પરમ મેહુલ દંડ**
તેરા (વાપી)


**જૈનમ મેહુલ મોતા**
રાપરગઢવારી (ગાંધીધામ)


**અભિષેક વિનોદ ગોસર**
બારોઈ (ડોંબિવલી)


**લબ્ધી પ્રતિક નાગડા**
તેરા (મુલુંડ)


**લેખ જીગર ધરમશી**
સે.ભરૂડીયા (ડોંબિવલી)


**પાર્થ જીલ્સ લોડાયા**
કુવાપધ્ધર (સોનગઢ)


**મીના સુનીલ ખોના**
મોટી ખાવડી (સુરત)


**પરમ રૂપેન મોમાયા**
ડુમરા (સોનગઢ)


**હેમાંગી વિપીન ખોના**
સુથરી (મુલુંડ)


**હિતેશ હરીશ પોલડીયા**
ડુમરા (ડોંબિવલી)


**નિર્મલ બાબુભાઈ દંડ**
સાંધવ (હૈદ્રાબાદ)


**નિશાંત પ્રફૂલ ડાઘા**
દલતુંગી (ડોંબિવલી

## અઠ્ઠાઈ તપ



**ગીતેશ મહેન્દ્ર છેડા**
સુથરી (અમદાવાદ)



**જાસ્મીન ગીતેશ છેડા**
સુથરી (અમદાવાદ)

"કે.ડી.ઓ. દીપ" પાસેથી મળેલી વિગત અને ફોટા યોગ્ય રીતે પ્રકાશિત કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં પણ કોઈ માનવસહજ ભૂલચૂક રહી ગઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્

## વર્ષીતપના તપસ્વીઓની અનુમોદના



**સોનલ હિતેશ મોમાયા**
સુથરી (ડોંબિવલી)



**સરલા કિરણ મોમાયા**
સુથરી (ભાંડુપ)



**કિરણ નારાયણજી મોમાયા**
સુથરી (ભાંડુપ)

## અવિકાને હાર્દિક અભિનંદન






